# ઈન્ટરનેશનલ યૂથ રિટ્રીટ-૨૦૨૪
## યુવાઓ માટે અદ્‌ભુત સંભારણું

**સંતભગવંત** સાહેબજીની પ્રેરણાથી અનુપમ મિશન દ્વારા દેશમાં અને પરદેશમાં યુવાશિબિરોનાં નિયમિત આયોજન થતાં હોય છે, જેનાં હેતુ યુવાઓના સર્વાંગી ઉત્કર્ષ અને વિકાસનાં હોય છે. વર્ષોથી ચાલતી આ પ્રવૃત્તિને પરિણામે અનેક યુવાઓનાં જીવન સંસ્કારથી સંવર્ધિત થયાં છે અને જીવન ઊજળાં બનાવ્યાં છે. અમેરિકામાં પ્રતિ વર્ષ ઈન્ટરનેશનલ યૂથ રિટ્રીટ થાય છે. આ વર્ષની શિબિર કયા આધ્યાત્મિક સિદ્ધાંતને કેન્દ્રસ્થાને રાખીને આયોજિત કરીએ ? તે અંગેનું માર્ગદર્શન સંતભગવંત સાહેબજી પાસે યુવાનેતાઓ લેવા ગયા ત્યારે અત્યંત ભાવથી સાહેબદાદાએ જણાવ્યું કે, 'મારી ઈચ્છા છે કે, અમેરિકા, ઈંગ્લૅન્ડ, કૅનેડા, ઑસ્ટ્રેલિયાનાં સૌ યુવક-યુવતીઓ આ વર્ષે ઈન્ટરનેશનલ યૂથ રિટ્રીટ માટે ભારત પધારે. સૌને ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત સ્વરૂપોના પ્રસાદીનાં મહાપવિત્ર તીર્થસ્થાનોનાં દર્શન કરવા લઈ જવાં છે, કે જેથી સૌને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો સિદ્ધાંત સમજાય !' સૌ યુવાનોએ સંતભગવંત સાહેબજીની આ આજ્ઞાને શિરોધાર્ય ગણી અને ઈન્ટરનેશનલ યૂથ રિટ્રીટનો ૧૫ દિવસનો કાર્યક્રમ ઘડાયો. માત્ર ૧૫ દિવસ માટે પણ વિવિધ દેશોના ૨૦૦ જેટલા યુવાનો રજાઓ લઈ, સ્પેશ્યલ ફ્લાઈટની ટિકિટો લઈને ભારત પધાર્યા. ૨૬ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે તેઓ સૌનાં ભવ્ય સ્વાગત કરાયાં.

૨૭થી ૩૦ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન સૌરાષ્ટ્રનાં તીર્થસ્થાનોનાં દર્શનાર્થે સૌ પધાર્યાં. તેઓને વિશેષ લાભ અને સ્મૃતિ આપવા સાથે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા પધાર્યા. સૌરાષ્ટ્રની આ યાત્રામાં સારંગપુર, ગઢડા, ગોંડલ, જૂનાગઢ, માણાવદર, પંચાળા, લોજ, સોમનાથ, કાલવાણી, પીપલાણા, ધારી આદિ તીર્થસ્થાનોનાં સૌ દર્શન પામ્યાં. ગોંડલ મંદિરે સંતો તથા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યે સત્સંગસભા યોજાઈ, તે અલૌકિક અને ઐતિહાસિક સ્મૃતિ બની રહી. સંતોએ પરસ્પર પ્રેમ અને આદરભાવ દર્શાવ્યા. ભગવાન અને ગુરુના કાર્યને આગળ વહેતું રાખવાના સૌએ સંકલ્પો કર્યા. આ યાત્રામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત સ્વરૂપોના મહાપ્રસાદીનાં તીર્થસ્થાનોનાં પ્રત્યક્ષ દર્શન-અનુભવ મેળવીને, જ્યાં તેઓએ લીલા ચરિત્રો કર્યાં હતાં તેનાં પ્રમાણ મેળવીને સૌ યુવા શિબિરાર્થીઓના હૈયે નિષ્ઠા અને સમજણની અનેરી ગેડ બેસી. આ યાત્રા દરમિયાન સંતો સાથેની ગોષ્ઠિ, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનું સાંનિધ્ય અને તેઓ સાથેની પ્રશ્નોત્તરીએ સૌ યુવાઓને સત્સંગની વિશેષ સ્પષ્ટતા આપી. ૩૦ ડિસેમ્બરના રોજ તેઓ સૌ પરત તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યાં. ૩૧ ડિસેમ્બરના રોજ સવારે શ્રી વડતાલ ધામ પદયાત્રામાં જોડાયાં અને સાંજે 'તીરથ' પ્રદર્શનીનાં દર્શન કરી ધન્ય થયાં.

૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સૌ સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યસ્થાન સોખડા મુકામે પધાર્યાં. દર્શન, ધૂન અને પ્રાર્થનાઓ કરી સૌ ગદ્‌ગદિત બન્યાં. આ પવિત્ર સ્થાનનાં દર્શન કરવાનો ઉમંગ સૌને હૈયે ખૂબ હતો તેથી જ નવા વર્ષના આરંભે સોખડા તીર્થસ્થાનનાં દર્શનનું આયોજન થયું. સૌએ હરિધામ મંદિરે શ્રી ઠાકોરજી અને સંતોનાં દર્શન કરવાનો પણ અનેરો આનંદ માણ્યો.

૨થી ૭ જાન્યુઆરી દરમિયાન સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યે અયોધ્યા, છપૈયા અને દિલ્હીની



બ્રહ્મજ્યોતિ, મોગરી પર ઈન્ટરનેશનલ યૂથ રિટ્રીટના શુભારંભે દીપપ્રાગટ્ય



ગઢડા તીર્થનાં દર્શને શિબિરાર્થીઓ

તીર્થયાત્રા યોજાઈ. ૨ જાન્યુઆરીએ અયોધ્યા શ્રી રામ જન્મભૂમિમાં નિર્માણાધીન નૂતન મંદિર ને શ્રી રામલલ્લાની મૂર્તિનાં દર્શન કરી, ઈતિહાસ જાણી સૌ ધન્ય થયાં. રાત્રે સૌ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યસ્થાન-મહામંગલકારી તીર્થ છપૈયા પધાર્યાં. સ્થાનિક ભક્તો-આગેવાનોએ અદ્‌ભુત સ્વાગત કર્યાં. ૩ જાન્યુઆરીએ વહેલી સવારે પ્રભુ પ્રાગટ્યસ્થાનમાં સાહેબજીની નિશ્રામાં સૌનાં મંગલ માટે ગદ્‌ગદભાવે ધૂન-પ્રાર્થનાઓ કરી. દિવસ દરમિયાન ઘનશ્યામ મહારાજનાં અનેક લીલા સ્થાનોનાં દર્શન કરી મહિમામાં ગરકાવ થયાં. સવાર-સાંજની આરતીમાં જોડાઈ ભક્તિ અદા કરી. ૪ જાન્યુઆરીએ દિલ્હી જવા પ્રસ્થાન કર્યું.

૫ જાન્યુઆરીના રોજ દિલ્હી સ્થિત અક્ષરધામ મંદિરનાં દર્શન કર્યાં તેમજ પ્રદર્શની અને ઑડિયો-વિઝ્યુઅલ શો તથા ફાઉન્ટિન-લેઝર શો નિહાળી ગૌરવવંતી ભારતીય સંસ્કૃતિ અને સ્વામિનારાયણ સંપ્રદાયની અસ્મિતાનો સોનેરી ઈતિહાસ જાણ્યો. ૬ જાન્યુઆરીના રોજ સવારે ઉતારાની હૉટેલ 'ધ લેમન ટ્રી'ના સભાગૃહમાં સંતભગવંત સાહેબજી સાથે સભા કરી યુવાઓએ પોતાના પ્રશ્નોનાં સમાધાન મેળવ્યાં. બપોરે પ્રધાનમંત્રી સંગ્રહાલયની મુલાકાત લીધી અને રાત્રે દિલ્હી સ્થિત શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરે પધાર્યાં. ત્યાં પ.પૂ. ગુરુજી-મુકુન્દજીવન સ્વામીજી, સંતો તેમજ પૂ. આનંદીદીદી અને સંત બહેનોનાં દર્શન કરી ધન્ય થયાં. ત્યાં યોજિત સત્સંગસભાનો લાભ લીધો. ૭ જાન્યુઆરીના રોજ સૌ પરત તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પરત પધાર્યાં.

ભારતનાં તીર્થસ્થાનોની સમગ્ર યાત્રાનાં સુફલ આયોજન માટે સંતભગવંત સાહેબજીએ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના નેતૃત્વ હેઠળ સાધુ પૂ. પંકજદાસજી, પૂ. પરેશદાસજી, પૂ. અનીલદાસજી, પૂ. અર્પિતદાસજી, યુવાનેતા દિવ્યાંગભાઈ અને અનુપમભાઈને જવાબદારી સોંપી. વિદેશના યુવાનોને પ્રોત્સાહિત કરી ઈન્ટરનેશનલ યૂથ રિટ્રીટમાં જોડાવા તેમજ જરૂરી વ્યવસ્થાઓનું સંકલન કરવાની સમગ્ર જવાબદારી



સોખડાના જૂના સ્વામિનારાયણ મંદિરે સભામાં સાહેબજીનાં આશીર્દાન

અમેરિકાના મહર્ષિભાઈ, મિહિરભાઈ અને તૃષિલભાઈએ સંભાળી. અનુપમ મિશન, અમેરિકાના સાધુ પૂ. જયેશદાસજી અને પ્રમુખ ડૉ. જિતુભાઈ, ઈંગ્લૅન્ડના સંતો સાધુ પૂ. પંકજદાસજી અને પૂ. કિરણદાસજી તેમજ અનુપમ મિશન, ઑસ્ટ્રેલિયાના પ્રમુખ દીપેનભાઈ અને અન્ય વડીલો પણ યુવાનો સાથે યાત્રામાં જોડાયા. લાંબી યાત્રાની મુસાફરી ફ્લાઈટ્સમાં, સ્થાનિક મુસાફરી ગાડીઓ અને બસો દ્વારા સંપન્ન થઈ. ભોજન, ઉતારા તથા અન્ય સઘળી જરૂરિયાતોની અદ્‌ભુત વ્યવસ્થા સંતોનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવી. સંપૂર્ણ યાત્રા નિર્વિઘ્ને પૂરી થઈ. સંતભગવંત સાહેબજીએ તમામ વ્યવસ્થાઓમાં સહભાગી સંતો, યુવાનો અને સેવકો પર અપાર રાજીપો વરસાવ્યો.

વિશેષ તો, વિવિધ તીર્થોની આ દિવ્ય યાત્રામાં ગઢડા, સારંગપુર કષ્ટભંજન દેવના મંદિરે, પંચાળા, લોજ, કાલવાણી, જૂનાગઢ જેવાં અનેક તીર્થસ્થાનોમાં અમદાવાદ અને વડતાલ ગાદીના સંતો-મહંતોનાં સહકાર અને દર્શનનો અનેરો લાભ પ્રાપ્ત થયો. બી.એ.પી.એસ. સંસ્થાના ગઢડા મંદિરે, ગોંડલના અક્ષર મંદિરે, સારંગપુરના સ્મૃતિસ્થાને, દિલ્હીના અક્ષરધામમાં કોઠારીશ્રીઓ અને સંતો-સ્વયંસેવકોએ અપૂર્વ સહયોગ આપી વ્યવસ્થાઓ કરી આપી, જેમાં તેઓ સૌની ભક્તિનાં અલૌકિક દર્શન થયાં. તેમજ અયોધ્યા સ્થિત સ્વામિનારાયણ મંદિરના મહંત પ.પૂ. અખિલેશ્વર સ્વામી, અયોધ્યા હનુમાન ગઢીના મહંત પ.પૂ. કલ્યાણદાસ મહારાજ, છપૈયા સ્વામિનારાયણ મંદિરના મહંત પ.પૂ. દેવ સ્વામી, કોઠારીશ્રી પ.પૂ. વિષ્ણુ સ્વામીના પણ અદ્‌ભુત સાથ-સહકાર પ્રાપ્ત થયા. આ સૌ સંતો-મહંતોના આશીર્વાદનો લાભ પ્રાપ્ત કરી સૌ યુવાનોએ ધન્યતા અનુભવી.

અનેક સંસ્થાઓમાં અનુપમ મિશન અને સંતભગવંત સાહેબજી માટેનો અનેરો આદરભાવ અનુભવી સૌ ધન્ય થયાં અને મહિમાથી સભર બન્યાં. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેઓના આધ્યાત્મિક અનુગામી ગુણાતીત સંતો તેમજ તેઓનાં દિવ્ય જીવન અને કાર્યોનાં વિસ્તૃત માર્ગદર્શન પામી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની અનિવાર્યતા સૌને સુદૃઢ થઈ. વિદેશમાં જન્મેલા અને ઉછરેલા યુવાઓ વૅકેશનમાં આનંદ માણવાનાં લૌકિક માધ્યમોનો ત્યાગ કરી, સત્સંગને પ્રાધાન્ય આપી, ભગવાન અને સંત-સ્વરૂપોના મહિમામાં સભર બનવા લાખો રૂપિયા ખર્ચી ભારત આવે તે અદ્વિતીય બાબત છે ! ઊંઘ, થાક કે ભૌતિક અગવડોને અવગણીને અત્યંત મહિમા સાથે સૌ શિબિરાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. તેઓના આ ભક્તિભાવને સંતભગવંત સાહેબજીએ ખૂબ બિરદાવ્યો. સૌ યુવાઓને પણ સંતભગવંત સાહેબજી સાથે આ યાત્રા કરવાનું ભાગ્ય પ્રાપ્ત થયું તેનો અનેરો અહોહોભાવ સૌનાં ઉરે છલકાયો. સંતભગવંત સાહેબજીએ તીર્થયાત્રા દરમિયાન વિવિધ પ્રાસાદિક સ્થાનોએ, ઉતારાનાં સ્થાનોએ વિશેષ સ્મૃતિઓ આપી સૌને અદ્‌ભુત આનંદ કરાવ્યો. દિવ્ય અલૌકિક પ્રેમ વરસાવી સંતભગવંત સાહેબજીએ સૌ યુવાઓના આત્મામાં દૃઢ સ્થાન લઈ લીધું. સૌ શિબિરાર્થીઓ માટે આ યાત્રા અવિસ્મરણીય બની રહી. ◆